# પ્રવેશ

(૧) આ કોલેજ *દ્વારા* યુનિવર્સિટીમાં એટલે કે પ્રથમ વર્ષ બી.કોમ. માં પ્રવેશ મેળવવા માટે ગુજરાત રાજયના એચ.એચ.સી. બોર્ડની ૧૨માં ધોરણની પરીક્ષા નીચેના વિષયો સહીત પસાર કરેલી હોવી જોઈએ.

(A)(૧) એલિમેન્ટસ ઓફ એકાઉન્ટન્સી અથવા બિઝનેસ મેથેમેટિકસ

(૨) કોમર્સ (બિઝેનસ એડમિનિસ્ટ્રેશન)

(૩) સ્ટેટિસ્ટીકસ અથવા વાણિજયગણિત અથવા અર્થશાસ્ત્ર અથવા બેકિંગ

(B) વોકેશનલ સ્ટ્રીમ

(૧) કોમ્પ્યુટર સાયન્સ એપ્લીકેશન

(૨) મેથેમેટીકસ / બેકિંગ

(૩) એન્ટરપ્રેન્*યોર*શીપ

(*યોગ્યતા*) પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ પ્રવેશ અરજી કરવાની રહેશે. સદર પ્રમાણપત્ર મેળવ્યા વગર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થવાને પ્રાપ્ત ગણાશે.

યુનિવર્સિટીના નિયમોનુસાર કોલેજના પ્રથમ વર્ષ બી.કોમ.માં યુનિવર્સિટી *દ્વારા* જેટલી બેઠકો ફાળવવામાં આવશે તેમાંથી કેટલીક બેઠકો પછાત– વર્ગના વિદ્યાર્થીઓ, વિકલાંગો અને નિવૃત્ત સૈનિકોના સંતાનો માટે અનામત રહેશે. આ ઉપરાંત પ્રત્યેક ડિવીઝન દીઠ ત્રણ બેઠક રમત–ગમત, સાંસ્કૃતિક કે બૌધિક (રાજય કક્ષાએ) પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓ માટે અનામત રહેશે. અન્ય પછાત જ્ઞાતિઓ, (ઉન્નત વર્ગ સિવાય) માટેની અનામત બેઠકો યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ નકકી કરે તે પ્રમાણે ફાળવવામાં આવશે. પ્રવેશ સમિતિ ધ્વારા આ પ્રકારની પ્રવેશ યાદી ઈન્ટરનેટ પર મુકવામાં આવશે.

પ્રથમ વર્ષ બી.કોમ.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ અરજી પત્રકમાં માંગેલી માહિતી ભરી તેની સાથે ધોરણ–૧૨ નું અસલ ગુણકપત્રક અને તેની પ્રમાણિત નકલ, સ્કુલ લીવીગ સર્ટીફિકેટની પ્રમાણિત નકલ તથા અન્ય પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવી. એસ.સી., એસ.ટી. અને અન્ય પછાત જ્ઞાતિઓ (ઉન્નત વર્ગો સિવાય) ના ઉમેદવારોએ સમાજકલ્યાણ ખાતાનું પ્રમાણપત્ર તથા વિકલાંગોએ સિવિલસર્જનનું પ્રમાણપત્ર જોડવું. અન્ય પછાત જાતિના ઉમેદવારોએ પોતે ઉન્નત વર્ગના નથી એવું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીની સહી વાળું રજુ કરવાનું રહેશે.

અરજીપત્રક જરૂરી પ્રમાણપત્રો સહીત કાર્યાલયમાં સુપ્રત કરી પહોંચ મેળવી લેવી. અન્ય યુનિવર્સિટી કે બોર્ડમાંથી ઉમેદવારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રવેશપાત્રતાનું કે બોર્ડનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

દ્વિતીય અને તૃતીય વર્ષ બી.કોમ.માં આગલી પરીક્ષા પાસ કર્યેથી આ કોલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આવા વિદ્યાર્થીઓએ કોલેજનું માહિતીપત્રક ભરી તેમાં રહેલું પ્રવેશપત્ર ભરી કોલેજ કાર્યાલયમાં સુપ્રત કરવું. બીજી યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી લાવવાનું રહેશે.

ખોટી માહિતી આપી પ્રવેશ મેળવનારનો પ્રવેશ રદ કરી પરિણામ જપ્ત કરવામાં આવશે.

## વિદ્યાર્થીઓ માટે શિસ્તના નિયમો અને આચારસંહિતા (Code of Conduct) તથા વાલીઓ માટે સુચનાઓ

૧. કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ યુનિ. દ્વારા મેરીટને આધારે તેમજ સરકારની અનામત પ્રથા મુજબ આપવામાં આવે છે.

૨. કોલેજમાંથી આપેલ ઓળખપત્ર (આઈકાર્ડ) વિદ્યાર્થીએ હંમેશા પોતાની સાથે રાખવું. કોલેજની કોઈપણ અધિકૃત વ્યકિત માંગે ત્યારે બતાવવાનું ફરજિયાત છે.

૩. વિદ્યાર્થીએ દરેક તાસમાં સમયસર હાજરી આપવી ફરજિયાત છે. વર્ષ દરમ્યાન ૭૫% હાજરી ફરજિયાત છે.

૪. વર્ગખંડમાં દાખલ થયા પછી શિસ્ત જાળવવું અને પ્રોફેસરની પરવાનગી વગર વર્ગખંડ છોડવો નહીં.

૫. એફ.વાય.બી.કોમ. તથા એસ.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓએ એન.સી.સી., એન.એસ.એસ. તથા પી.ટી.માંથી કોઈપણ એક પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેવો તથા નિયમિત હાજરી આપવી ફરજિયાત છે. આ અંગેના અરજીપત્રક જે તે અધિકારી પાસેથી મેળવી પ્રવેશ ફી રસીદ સાથે ભરીને આપવી અને પી.ટી., એન.એસ.એસ. કે એન.સી.સી.માં ભાગ લીધાનું પ્રમાણપત્ર પરીક્ષાના આવેદનપત્રમાં જે તે અધિકારીની સહી સાથે લેવું.

૬. એફ.વાય.બી.કોમ.ના તમામ વિદ્યાર્થીઓએ તથા કોલેજમાં પહેલીવાર પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ મેડીકલ ટેસ્ટમાં અચૂક હાજર રહેવું. ગેરહાજર વિદ્યાર્થીઓને યુનિવર્સીટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

૭. આંતરીક કસોટીમાં ૫૦% વિષયો કરતા વધારે વિષયોમાં પાસ થનાર વિદ્યાર્થી જ યુનિવર્સીટી પરીક્ષામાં બેસવા પાત્ર ગણાશે. આંતરિક કસોટી આપવાનું ફરજીયાત છે.

૮. કોલેજમાં વર્ગોમાં મોબાઈલ ફોન પ્રતિબંધિત છે.

૯. કોલેજ કેમ્પસની માલમિલકત તથા સુવિધા સાધનોને કોઈપણ પ્રકારનું નુકશાન પહોચાડનાર વિદ્યાર્થી સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે.

૧૦. કોલજની બહાર કોલેજની પ્રતિષ્ઠાને નુકશાન પહોચાડનાર વિદ્યાર્થીને કોલેજમાંથી બરતરફ કરવામાં આવશે.

૧૧. કોલેજ કેમ્પસમાં સ્વચ્છતા ન જાળવનાર વિદ્યાર્થી સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે.